**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૫ ટકા

# શહેરમાં પારાવાર ગંદકી : કચરાના ઢગ ખડકાયા

## જુના સેક્ટરો ઉપરાંત ન્યુ ગાંધીનગરના વિસ્તારો સરગાસણ, કુડાસણ, રાંદેસણમાં નિયમિત સાફ સફાઈના અભાવે વરસાદે ગંદકી વધારી

ગાંધીનગર, તા.૧૯

ગ્રીનસીટી કહેવાતું ગાંધીનગર આજકાલ ગોબરું બની ગયું છે. નિયમિત સાફસફાઈના અભાવે ગાંધીનગરમાં કચરાના ઢગ ઉભરાઈ રહ્યા છે. ગટરો ઉભરાવવાના કારણે પારાવાર ગંદકી જોવા મળી રહી છે.

રાજયનું પાટનગર આમ તો એકદમ સ્વચ્છ અને સુવ્યવસ્થિત ગણાય છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી જાણે શહેરની સફાઈ વ્યવસ્થા પડી ભાંગી હોય તેમ શહેરમાં ઠેર ઠેર ભારે ગંદકી અને અસ્વચ્છતા જોવા મળી રહી છે. અમુક વીઆઈપી ગણાતા સેકટરોમાં નિયમિત સાફસફાઈ થાય છે પરંતુ તે સિવાયના સેકટરોમાં ગંદકી વધી છે.

જુના સેકટરોમાં કચરાના ઢગ ખડકાયા છે. આ ઉપરાંત અહીં ગટર ઉભરાવવાની સમસ્યા વ્યાપક




બની છે સેકટર-૨૭, સેકટર-૨૯, સેકટર-૨૧ના સરકારી મકાનોમાં વારંવાર ગટર ઉભરાય છે. નવા સેકટરોમાં સેકટર-૫ અને સેકટર-૪માં તો ગટરો ઉભરાવવાની સમસ્યા જાણે કાયમી બની છે. ગટરો ઉભરાવવાની સમસ્યા અંગે વસાહતીઓ વારંવાર રજૂઆતો કરીને થાકી ગયા છે પરંતુ આ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. વસાહતીઓ ના છૂટકે ભારે ગંદકીમાં રહેવા મજબૂર બન્યા છે.

જૂના સચિવાલય અને ઉદ્યોગભવન જેવી સરકારી કચેરીઓમાં પણ પારાવાર ગંદકી જોવા મળી રહી છે. અહીં નિયમિત રીતે સાપસફાઈ કરવામાં આવતી ન હોવાથી કર્મચારીઓ અને મુલાકાતીઓને સહન કરવું પડે છે.

જૂના સેકટરો ઉપરાંત રાંદેસણ, કુડાસણ અને સરગાસણ જેવા ન્યુ ગાંધીનગરના વિસ્તારો ગદકીનું હબ બન્યા છે. અહીં મોટાભાગે ફલેટસની સ્કીમ આવેલી છે. ફલેટસમાં સાફસફાઈ કરી કરવામાં આવે છે પરંતુ અહીંથી ઉઠાવેલો કચરો કોમન પ્લોટસ અને ખાલી પડેલા અન્ય પ્લોટસમાં નાંખી દેવાય છે જેના કારણે આવા પ્લોટસ મીની ડમ્પીંગ સાઈટસ જેવા બની ગયા છે.

આપણે ભલે સ્વચ્છ ગાંધીનગર, સ્વસ્થ ગાંધીનગરની ગુલબાંગો પોકારીએ છીએ પરંતુ સેકટરોમાં અને ન્યુ ગાંધીનગરના વિસ્તારોમાં નજર કરતા આ સૂત્ર કયાંય ફેંકાઈ જાય છે. સાફસફાઈની અનેક વ્યવસ્થાઓ ગોઠવવા છતાં ગાંધીનગરને ગંદકીમાંથી મુકિત મળતી નથી. ખુલ્લામાં શૌચના કારણે કેટલાક સેકટરોના વસાહતીઓને ભારે દુર્ગંધનો સામનો કરવો પડે છે.

### દૂધ વાપરનારાઓની મંડળીના ડિરેકટર રાજેશ પંચોલીના માતૃશ્રીનું નિધન



ગાંધીનગર શહેરના દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના ડિરેકટર રાજેશભાઈ પંચોલીના માતૃશ્રી સરસ્વતીબેન સીતારામ પંચોલીનું ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સ્વ. સરસ્વતીબેન છેલ્લા દોઢેક માસથી બિમાર હોવાથી સારવાર હેઠળ હતા. સદગતની અંતિમયાત્રામાં શહેરના અગ્રણીઓ સહિત પરિવારજનો, સ્વજનો વગેરે જોડાયા હતા.

# કોબા ખાતે ગેરકાયદેસર ચાલતા હુક્કાબાર પર પોલીસ ત્રાટકી

## ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા સ્થિત સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના ભોંયરામાં ચાલતા હુક્કાબારમાંથી માટીની ચિલમના હુક્કા, વિવિધ ફલેવરના પેકેટ મળી કુલ રૂ. ૪૯,૦૪૦ નો મુદ્દામાલ કબ્જે, પોલીસે ૧૧ નબીરા સહિત ૧૫ ની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા સ્થિત સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના ભોંયરામાં ચાલી રહેલા ગેરકાયદેસર હુક્કાબાર પર એસઓજી પોલીસ ત્રાટકી હતી. હુક્કાબારમાં રહેલા ૧૧ નબીરાઓ તેમજ માલિક સહિત એસઓજી પોલીસે ૧૫ યુવકોની ધરપકડ કરી હતી. પોલીસને સ્થળ પરથી માટીની ચિલમના હુક્કા, હુક્કાની વિવિધ ફલેવરોના પેકેટ તેમજ હુક્કામાં લગાવવાની પ્લાસ્ટીકની વિવિધ કલરની પાઈપ સહિત કુલ રૂ.૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં યુવા




વર્ગને નશાના રવાડે ચડતા અટકાવવા માટે નશાની ગેરકાયદેસર પ્રવૃતિ અંગે માહિતી મેળવી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી. જેને પગલે એસઓજી પીઆઈ ડી.બી.વાળા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.બી.પરમાર સહિત ટીમના સભ્યો કોબા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા.તે સમયે બાતમી મળી હતી કે કોબા સર્કલ થી ગાંધીનગર જવાના માર્ગ પર આવેલા સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના પાછળના ભાગે આવેલા ભોંયરામાં હુક્કાબાર ધમધમતો હતો. એસઓજી પોલીસે હુક્કાબાર પર દરોડો પાડતા યુવકોમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમાં હુક્કાબાર ચલાવનાર નભોઈ ભરવાડવાસ ખાતે રહેતો નવઘણ છગનભાઈ ભરવાડ, અને તેનો ભત્રીજો સંજય જગાભાઈ ભરવાડ તેમજ તેના કારીગર કુમાર આશુતોષ ધર્મેન્દ્રકુમાર ભારદ્વાજ અને રોહિતકુમાર પાંડે (મુળ રહે બિહાર હાલ સિલ્વર પોઈન્ટના ભોયરામાં)ને પકડી પાડ્યા હતા.

જયારે હુકકાબારમાં વિવિધ ફલેવરના હુક્કા ફુંકીને ધુમાડા નીકાળનારા નબીરાઓમાં અંસુલ દિનેશભાઈ નાનવાણી (રહે. હરનામદાર સોસાયટી કુબેરનગર અમદાવાદ), દિવ્યાંશુ વિજયભાઈ ગુપ્તા (શ્રી રામ કુટીર સ્વામીનારાયણ પાર્કની પાછળ નવા નરોડા અમદાવાદ), યુવરાજસિંહ ભરતસિંહ વાઘેલા (રહે. આર્યકિષ્ણ એન્કલેવ સૈજપુર બોઘા અમદાવાદ), અર્ચિત ગૌતમભાઈ પટેલ (રહે વ્રજવંદન બંગલો બોપલ અમદાવાદ), પ્રતિક ચંદ્રકાંત પટેલ (રહે. રવિકુંજ સોસાયટી ચાંદખેડા), વિરાજ જશવંતભાઈ પટેલ (રહે.વિવેકાનંદનગર ચાંદખેડા), વિશાલ હીરાભાઈ દવે (હીરાધન સીટી ચાંદખેડા), હિમાંશુ નરેશ રામરખીયાણી (નારાયણ સ્ટેટસ ભાટ), ઉત્સવ કેતનભાઈ પટેલ (રહે. પ્રમુખનગર સરગાસણ) અને જયરાજ રોહિતભાઈ બ્રહ્મભટ્ટ (રહે. પ્રમુખપાર્ક બંગ્લોઝ રાયસણ)નો સમાવેશ થાય છે. જયારે પોલીસે સ્થળ પરથી માટીના હુક્કા, વિવિધ ફલેવરના પેકેટ, હુક્કાની પાઈપ સહિત કુલ રૂ.૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### આજે એશિયા મોલ પાસે 'આપ'ની રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં રાજકીય પક્ષો દ્વારા કોરોના કાળમાં સેવાકીય અભિગમ દાખવતા રકતદાન શિબિરના આયોજન કરવામાં આવી રહ્યા છે. અગાઉ ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર મહાનગર એકમ દ્વારા દરેક વોર્ડને આવરી લેતી મેગા રકતદાન શિબિર યોજવામાં આવી હતી અને હવે શહેરમાં પહેલીવાર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીના ગાંધીનગર શહેર એકમ દ્વારા રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. આપ પાર્ટી દ્વારા તા. ૨૦મી જુન રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ઓશિયા મોલ પાસે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગદાન આપવા પાર્ટીના ઉમેદવારો, કાર્યકર્તાઓ, પદાધિકારીઓ સહિત શહેરના નાગરિકોને પણ જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# શહેરના અંતિમધામના કર્મચારીઓને કરિયાણાની કીટનું વિતરણ




ગાંધીનગર, તા.૧૯

કોરોના મહામારીના કપરા સમયમાં શહેરના સે-૩૦ સ્થિત મુકિતધામ તથા સરગાસણના રૂદ્રભૂમિ અંતિમધામના કર્મચારીઓ દ્વારા જીવના જોખમે અવિરત સેવા આપીને તેઓ સાચા અર્થમાં કોરોના વોરિયર્સ હોવાનું પ્રતિત કરાવ્યું છે. આ કર્મચારી વર્ગના જરૂરિયાતમંદ પરિવારોને ગાંધીનગરની શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરના બંને અંતિમધામના કર્મચારીઓને શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા વિતરણ કરવામાં આવલી કરિયાણાની કીટમાં ઘઉંનો લોટ,ચોખા, તુવેરદાળ, મગદાળ, મરું, હળદર, મીઠું, ગોળ, તેલ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર અભય મેનને જણાવ્યું હતું કે તેઓ કોરોનાના કપરા કાળમાં જરૂરિયાતમંદોના દુઃખમાં ભાગીદાર થઈને પોતાની નૈતિક જવાબદારી સમજી સેવાકીય પ્રવૃત્તિઓ કરતા રહે છે. આ કાર્યક્રમમાં તેમના ઉપરાંત દિનેશ મેનન તથા અન્ય સભ્યો, જિલ્લા ક્ષય નિવારણ સમિતિના સભ્ય એડવોકેટ હિતેષ રાવલ, જિલ્લા રેડક્રોસ ચેરમેન જીલુભા ધાંધલ ઉપરાંત ઉલ્લાસ વોરા, કાર્તિક પરમાર, કિરણસિંહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગોપાલક વિદ્યા સંકુલ દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડોની વર્ચ્યુઅલ મુલાકાત કરાવી



ગાંધીનગર, તા.૧૯

કોરોનાકાળના સંજોગોમાં શાળાઓમાં ઓનલાઈન શૈક્ષણિક કાર્ય નવા સત્રથી શરૂ થયા છે. જેમાં બાળકો પોતાની શાળા અને વર્ગખંડોના શિક્ષણથી વંચિત અને વિમુખ થઈ ગયા છે. બાળકોને પોતાની શાળા અને વર્ગખંડોના પોતીકાપણાનો અહેસાસ અને લાગણી થાય તેમજ તેમની ભણવા પ્રત્યેની રુચિ વધે એ હેતુથી વિદ્યાર્થીઓને વર્ગખંડોની વર્ચ્યુઅલ મુલાકાત કરાવીને મારી શાળા અને મારા વર્ગખંડનો અહેસાસ કરાવવામાં આવ્યો હતો અને તેના દ્વારા વધુને વધુ બાળકો ઘેર બેઠા ઓનલાઈન શિક્ષણ દ્વારા અભ્યાસમાં રૂચિ વધારે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. શાળાના ટ્રસ્ટી દ્વારા આવા નવતર પ્રયોગો થકી શિક્ષણ માટેના પ્રાયસો માટે શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી તથા સમગ્ર શિક્ષક સ્ટાફમિત્રોને શુભેચ્છા તથા અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરની મેડીકલ કોલેજ ખાતે પલ્મોનરી ટીબીની સારવાર પૂરી કરેલા દર્દીઓને યોગા દ્વારા વધુ સ્વસ્થ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૯

'ટીબીના સાજા થયેલ દર્દીઓ માટે યોગા' થીમ હેઠળ હાલ રાજયની છ મેડીકલ કોલેજમાં પલ્મોનરી ટીબીના ટીબીની સારવાર પૂરી કરેલા દર્દીઓને યોગા કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મેડિકલ કોલેજ અને જિલ્લા ક્ષય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોગા ફોર કર્યોર્ડ ટીબી પેશન્ટના કાર્યક્રમનું આયોજન કરાયું છે. હાલ ૨૧ પલ્મોનરી ટીબીની સારવાર પૂરી કરનાર દર્દીઓના વિવિધ ટેસ્ટ કરી ૨૧ દિવસીય યોગ કાર્યક્રમ માટે પસંદગી કરવામાં આવી છે.

ભારત સરકારશ્રી દ્વારા ટીબીને વર્ષ ૨૦૨૫માં નાબુદ કરવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. તેમજ ૨૧ જુનના રોજ વિશ્વ યોગા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ટીબી રોગ એ મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે અને ટીબીના દર્દીઓમાં ફેફસામાં શ્વાસોશ્વાસની ક્રિયામાં ખાસ તકલીફ પડતી હોય છે. જેથી દર્દીની સારવાર પૂર્ણ થાય ત્યારબાદ ફેફસાંની કસરત અને યોગા કરવાથી ફેફસાંની કાર્યશકિતમાં વધારો થતો હોય છે અને દર્દીની ક્વોલીટી ઓફ લાઈફમાં સુધારો પણ થાય છે. જેથી ટીબીના દર્દીની સારવાર પુરી થયા બાદ યોગા / પ્રાણાયામ નિયમિત કરવામાં આવે તો જરુર એક સ્વસ્થપ્રદ તંદુરસ્ત જીવન શૈલી જીવી શકાય એમ છે.

ટીબીના દર્દીઓને યોગા માટે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા એક બેચ બનાવવામાં આવશે. જેમા પલ્મોનરી ટીબીના ૧૦ થી ૨૦ દર્દીઓનો સમાવેશ કરવામાં આવશે. દર્દી ૧૮ વર્ષથી ઉપરના પસંદ કરવામાં આવશે. ટીબીના સાજા થયેલા (ક્યોર અથવા કમ્પલીટેડ) દર્દીને બોલવવામાં આવશે.

જે દર્દીને એનેમિયા, હૃદયરોગ, સગર્ભા, કીડની કે લીવરની તકલીફવાળા, કેન્સર અને કોરોના ના દર્દીઓને બાકાત રાખવાના આવશે. યોગા ક્લાસમાં જોડાયેલ દર્દીઓ ૨૧ દિવસનો કોર્ષ પુર્ણ કરે તે સુનિશ્ચિત કરવામાં આવશે. યોગા કોર્ષ પુર્ણ થાય પછી યોગામાં હાજર રહેલા દર્દીની સંખ્યા અને તમામ દર્દીના યોગા કોર્ષની શરુઆતના અને યોગા કોર્ષ પુરા થયા બાદનો પલ્મોનરી ફંકશન ટેસ્ટનો રીપોર્ટ રાજ્ય કક્ષાએ વધુ માહિતી અને વિશ્લેષણ કરવામાં આવશે.

ઉપરોકત સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અત્યારની કોવિડ–૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઈ ૫૦ થી વધુ માણસો ભેગા ન થાય અને કોવિડ એપ્રોપીએટ બીહેવીયર જળવાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવશે. દર્દીના યોગા શરુ થાય તે પહેલા અને યોગા પુર્ણ થયા બાદ દર્દીની પલ્મોનરી ફંકશન ટેસ્ટ કરવામાં આવશે. પલ્મોનરી ફંકશન ટેસ્ટની વ્યવસ્થા મેડીકલ કોલેજ દ્વારા કરવામાં આવશે. યોગા તા : ૨૧ જુન ૨૦૨૧ થી શરુ થઈ રોજે-રોજ કરાવવામાં આવશે અને યોગામાં અનુલોમ-વિલોમ, ભસ્ત્રીકા, કપાલભાર્તિ, ભ્રામરી પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર વિગેરેને આવરી લેવામાં આવશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર સોનાજી તખાજી, ઉ.વ. ૬૩, ગલથરા, માણસા
- સ્વ. સામતાની વર્ષા ચંદન, ઉ.વ. ૮૪, સેકટર-૨૩
- સ્વ. ગજ્જર સુમિતા કિરીટભાઈ, ઉ.વ. ૬૭, પેથાપુર
- સ્વ. પંચોલી સરસ્વતીબેન સીતારામ, ઉ.વ. ૭૬, સેકટર-૨૪

# સરકારી વિજ્ઞાન કોલેજમાં ગ્રીન કેમ્પસ કેમ્પેઈનનો પ્રારંભ




ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સે-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ એકમ અને ઈકો કલબના સંયુકત ઉપક્રમે તા. ૧૯-૬-૨૦૨૧ના રોજ કોલેજના પટાંગણમાં ગ્રન કેમ્પસ કેમ્પેઈન કાર્યક્રમનું ઉદઘાટન મુખ્ય અતિથી ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિક કમિશનર નારાયણ માધુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજમાં ગ્રીન કેમ્પસ કેમ્પેઈનની શરૂઆત તેમની પ્રેરણાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અન્ય અતિથી વિશેષ તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલ, જીઈઈ કલબના પ્રમુખ કશ્યપ નિમાવત, કોલેજના આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટ, ઈકો કલબના ચેરમેન ડૉ. એમ.એમ. પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા, ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિ વગેરે સહિત તમામ સ્ટાફ ગણ અને એનએસએસ તથા એનસીસીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૨૧૫થી વધારે વૃક્ષોનું વાવેતર કરી ગ્રીન કેમ્પસ કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી હતી.



## જન્મદિને વધામણી


અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩


અલકેશકુમાર સોમાલાલ મોદી
મો. ૯૭૭૯૪ ૨૯૦૨૯


રંજનબેન જિતેન્દ્રભાઈ દરજી


વીણા મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૯૭૯૭૮ ૪૦૫૬૬


હિમાંશુ ભચેચ
મો. ૭૬૦૦૦૬૭૫૧૬


યશકુમાર મનોજકુમાર જોષી


હેત્વી કનુજી ઠાકોર
મો. ૯૯૯૮૮ ૯૧૯૯૯


હિતાયુ ભાવેશ પ્રજાપતિ


વાઘેલા જયદિત્યસિંહ જયપાલસિંહ